૧૧૪
c

દક્ષિણામૂર્તિ બાલસાહિત્યમાળા



16000087

# વાક્યપોથી

સંપાદન: ગિજુભાઈ • તારાબેન



સંપાદકો : ગિજુભાઈ અને તારાબેન

# વાક્ય પોથી

: લેખક :

## ગિજુભાઈ

અમદાવાદ
૧૬૨

: પ્રકાશક :

આર. આર. શેઠની કંપની
મુંબઈ-૨ ૦ અમદાવાદ-૧

પ્રકાશક
ભગતભાઈ ભુરાલાલ શેઠ,
આર. આર. શેઠની કંપની,
પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ–૨
ગાંધી માર્ગ, અમદાવાદ–૧

© પ્રકાશકનાં

શ્રી દક્ષિણામૂર્તિ બાલસાહિત્યમાળા
△
પુસ્તક ૨૨ મું.

મુદ્રણ નવમું : ડીસેમ્બર ૧૯૬૫

મૂલ્ય પચાસ પૈસા

[ ૮૦ પુસ્તકોના સેટના રૂ. ૪૦–૦૦ ]

મુદ્રક
જુગલદાસ ચંપકલાલ મહેતા,
શ્રી પ્રવીણ પ્રિન્ટરી,
સોનગઢ (સૌરાષ્ટ્ર)

# વાક્ય પોથી

બા બા ! દૂધ દે.

સૂરજ બાપા તડકો કરો.

રામ રાખે તેને કોણ ચાખે ?

આપ ભલા તો જગ ભલા.

સંપ ત્યાં જંપ.

ઠીક છે; હવે ઓળખું છું.

રહેવા દે, ભાઈ! રહેવા દે.

તમે જાઓ, હું હમણાં આવું છું.

છટ્ છટ્ ! દૂર હટ.

છિ: છિ: ! ફેંકી દે.

કેમ ભાઈ ! આપની તબિયત હવે
કેમ છે ?

વીજ ચમકી ને મેઘ ગાજ્યો.

હળ ચાલ્યું ને ચાસ પડ્યો.

ઘોડો હણહણ્યો ને સવાર ઊપડ્યો.

વાદળાં વીંખાયાં ને સૂરજ દેખાયો.

રાત પડી ને કાળો પછેડો પથરાયો.

વા વાયા ને વાદળાં ઊમટ્યાં.

સૂરજ ઊગ્યો ને સોનાનાં નળિયાં
થયાં.

પૂર આવ્યું ને નદીનાળાં ઊભરાયાં.

સૂસવતા વાયરા વાયા ને કડકડતી
ટાઢ પડી.

આજે નવું વર્ષ બેઠું.

આજે બા લાપશી રાંધવાની છે.

આજે મારે ઉપવાસ છે.

આજે રવિવાર હોવાથી શાળામાં
રજા છે.

આજે તો નવરાત્રિનો પહેલો
દિવસ છે.

આજે મહાવીરજયંતી છે.

આજે મારા આંગણામાં અમે
રંગોળી પૂરી.

આજે બંદરમાં એક મોટી આગ-
બોટ આવી છે.

ગઈ કાલે અમે બધાં તળાવે ફરવા ગયાં હતાં.

ગઈ કાલે બકરીઈદ હતી.

ગઈ કાલે મારી બાને છાણાં લેતાં વીંછી કરડ્યો.

ગઈ કાલે શિવકાકીનો ઘડો કૂવામાં પડી ગયો.

ગઈ કાલે બાબાએ મારે માટે એક નવી ચોપડી આણી છે.

ગઈ કાલે ચાંદની સરસ ખીલી હતી.

ગઈ કાલે અમે શિખંડ ને પૂરી જમ્યાં હતાં.

આવતી કાલે બપોરે બાર વાગે
સૂર્યગ્રહણ છે.
આવતી કાલે અમારી શાળામાં
મહારાજા સાહેબ પધારશે.
આવતી કાલે સિનેમામાં પન્ના
દાસીની ફિલમ છે.
આવતી કાલે અમારી દુકાનમાં
મુંબઈ નવો માલ આવશે.
આવતી કાલે માજી જાત્રાએ
જવાનાં છે.
આવતી કાલે કન્યાશાળામાં એક
મેળાવડો છે.

દૂધ તો એક આયકો,
ઓર દૂધ કાયકો?
ફૂલ તો કપાસકો,
ઓર ફૂલ કાયકો?
કૂકડેકૂક, દાણા ખા, પાણી પી;
ભુરૂર્‌ર્‌ભટ ઊડી જજે.
નમીએ સૂરજ સુખ કરનાર.
ગણ્યા ગણાય નહિ,
વીણ્યા વિણાય નહિ,
તો ય મારા આભલામાં માય.
તારા, તારા! તારા જેવું,
સરસ મજાનું તેજ દે.

જા, જા! તારી સાથે નહિ બોલું;
અટીકટી અબોલીયા.

બારી પાસે બેઠો બેઠો દૂર દૂર
જોતો હતો.

પાટો કેમ બાંધ્યો તે હું પણ
જાણું છું.

કેમ, આવ્યા એમ ને એમ પાછા?
પડયા ચાટ?

મારી બાએ મને સરસ વાર્તા
કહી; તને કહું?

મને ય ગાતાં આવડે છે. જો ગાઈ
બતાવું?

પર્વત તો કે' હિમાલય.

નદી તો કે' ગંગાસૈયા.

હંસ તો કે' માનસસરનો.

રાજ તો કે' રામનું.

તપ તો કે' શંકરનું.

ક્રોધ તો કે' દુર્વાસાનો.

ભેખ તો કે' ગોપીચંદનો.

સાચ તો કે' રાજા હરિશ્ચંદ્રનું.

બાણાવળી તો કે' અર્જુન.

ભાઈઓ તો કે' રામલક્ષ્મણ.

ભાઈબંધો તો કે' કૃષ્ણસુદામા.

વનવાસ તો કે' રામસીતાનો.

જુઓ ભાઈ! અમે બે ઊભાવડિયા છીએ; તમે બધાં પઢી આવો.

આ વાઘ તો ભારે છે; મારી બકરી લઈ જાય છે

એ ભાઈ! દડો હદ બહાર ગયો; પાછો લાવો.

ચાલો સરદારને પૂછીએ: "આ કૂંડાળું બહાર છે?"

હયો, અમારા બધા ભેરુ પકડાઈ ગયા; એક રમત પૂરી.

આ રામભાઈ તો દસ જણાને રોકી રાખે છે!

વનનો રાજા સિંહ.

પંખીઓનો રાજા ગરૂડ.

દેવોનો રાજા ઇંદ્ર.

જળનો રાજા સાગર.

દિવસનો રાજા સૂરજ,

રાતનો રાજા ચાંદો,

સવારે સૂરજ સોનલાં રે વેરતા.

રાતી ચણોઠી, રાતા મારા દાંત છે.

ઈસમીસ, એઠાબોળા, ધબોધબ.

કોઈનું કાંઈ ખોવાય છે;

દરિયામાં ડોવાય છે.

કુસુમબેન! કાગળ લખશો કે?

હેં ભાભી! જુવારા વાવવા સારે ઘેર આવીશ કે?

મોટાભાઈ! ઝટ જમવા ચાલો.

બા! આરતી પછી પ્રસાદીમાં શું આપું?

બહેન! જરા ઠંડું પાણી પિવડાવશો કે?

હવે આ ગોરમાને વાવમાં પધરાવશું?

ગાંધીબહેન! આજે તમે જાગરણ કરાવવા આવશો કે!

બીજાને ભાઈ ગાંડા કહે છે, તે
પોતે કેટલા ડાહ્યા છે?
એટલું નથી સમજાતું કે આ તો
વાક્યપોથી છે ?
ઘુવડ જેવું મોં કરીને શું બેઠો છે ?
પલાંઠી વાળીને સરખો બેસ.
ભલા ભાઈ! કાગળના આ ડૂચા
જરા ટોપલીમાં તો નાખતો જા!
મીંદડું મિયાઉં મિયાઉં કરે છે,
ખરું ?
ખરે ! જ્યાંત્યાં થૂંકવાની કે નાક
સાફ કરવાની ટેવ બહુ ખરાબ!

કેટલાએક એમ માનતા લાગે છે
કે સાદા રહેવું એટલે ગંદા રહેવું.

જુઓ તો ખરા, ભાઈને એક વાર
દૂધ મળ્યું એટલે બિલ્લાડાભાઈ
રોજ આવવા લાગ્યા !

થોડાંએક ફૂલોનો હાર કરો અને
થોડાંએક રકાબીમાં ગોઠવો.

એક સખ્ત મોજું આવ્યું ને હોડી
નમી જતાં તેમાં પાણી ભરાયું.

ગઈ કાલે અમારે ત્યાં નાનાભાઈ
મહાભારત કહેવા આવ્યા હતા.

અરે ! કૂંચી તો ઘરમાં રહી ગઈ
ને તાળું તો દઈ દીધું !

બા ! આ છરી અને રસ્તેથી જડી;
શું કરશું ?

ગામમાં ક્યાંઈ ભૂલાં પડીએ તો
પોલીસને પૂછી લઈએ.

બહેન ! સૂડી માટે રોજ શોધા-
શોધ થાય છે, તે એની જગ્યા
જ નક્કી કરો ને ?

કાંઈ એમ થોડુંક છે કે બૂટ
હોય તો જ પોલિશ કરવા ને
જોડા હોય તો ગંદા પહેરવા?

રમાબહેન રાંધીકરીને જમાડવાની
તૈયારી કરવા લાગ્યાં.

રવિવારે ચંપાબહેન સરોજને
લઈને શાંતાબહેનને ઘેર ગયાં.

દિવાળીબહેને દેવીબહેનને કહ્યું :
"આજે ભાદરવી અમાસ છે;
દેવદર્શને આવો છો કે?"

રામભાઈને ટાઢ આવી એટલે બે
ગોદડાં ઓઢી સૂઈ ગયાં.

ચીચીબહેને ચંપકલાલ પાસેથી
ચાર ચણોઠીના ચોવીશ ચણા
લીધા.

ઓહોહો ! પતંગિયાની કાંઈ પાંખો છે !

આહાહા ! આ બારીમાંથી કેવો ઠંડો મીઠો પવન આવે છે !

અરેરે ! આ બિચારા જીવને કોણે ઇજા કરી ?

હાય હાય ! હવે હું ક્યાં જાઉં ? મારું દુઃખ કોને કહું ?

અરે ! અહીંથી રોજ રોજ ગુલાબ કોણ તોડી જતું હશે ?

અરે રામ ! આ સઘળું કોણે બગાડ્યું હશે ?

રાત્રે વરસાદ વરસ્યો ને સવારે
ધરતી લીલીછમ થઈ.

દેડકાંએ આજે રાત આખી મધુર
સંગીત કર્યું.

તીણા સ્વરે તમતમે
તમારાં અસંખ્ય.

વનમાં બોલે ઝીણા મોર,
કોયલરાણી કલ્લોલ કરે રે લોલ.

આ કાંઠે ગંગા ને ઓલે કાંઠે જમના.

આકાશમાંથી ધોધમાર વરસાદ
તટી પડ્યો ને ચારેકોર ધરતી
પાણી પાણી થઈ રહી.

દેવાલયોમાં ઘંટનાદ થયો અને
આરતી શરૂ થઈ.

નોબત ગડગડતી હતી.

નેજાં ફરકતાં હતાં.

રાજા લડવા જતો હતો.

ભાંગતી રાતે ભજનની ધૂન જામી.

ભાંગતી રાતે ભગત ઊઠયો.

આઠમની અજવાળી રાતે શેરીએ
શેરીએ ગરબી લેવાતી હતી.

અગ્નિમાં ઘી હોમી બ્રાહ્મણો ઊંચા
સ્વરે મંત્ર ભણવા લાગ્યા.

અમારા ગામમાં દરેક શુક્રવારે
ભૂંજેલા ચણા વેચાય છે.
પીંજારો રૂ પીંજે છે ત્યારે તાંત
ટેં....ઠફ, ટેં....ઠફ બોલે છે.
લીલાંછમ ખેતરોમાં ચરતી ગાયો
એ....પણે દેખા....ય.
પે....લો ઊભો રવલો ધનાણી
પેલી કરાડ ઉપર ડાંગ લઈને.
કાલે સારે વહેલાં ઊઠવું છે; મને
જગાડજો, હો ?
ઝટ કરો, ઝટ કરો, ગાડીનો વખત
થઈ જાય છે.

આછી ગાય તો તુજને હળી,
તુજને હો'વા દે.
આવી રૂડી અજવાળી રાત,
રાતો'તે રમવા નીસર્યાં રે,
માણારાજ !
કોઈ રાતે દૂધનાં ડેકે સરોવર,
કોઈ રાત તારા વરસાય.
આજ તું તો પાવાની પટરાણી
ભવાનીમા કાળકા રે લોલ !
અગર ચંદનની રાત,
અગર ચંદનની રાત,
તારોડિયો તે ક્યારે ઊગશે.

તાનસેન મોટો ગવૈયો.

અકબર મોટો બાદશાહ.

સતી મોટી રાણકદેવી.

શ્રીકૃષ્ણની ગીતા.

વ્યાસનું મહાભારત.

વાલ્મીકિનું રામાયણ.

શિવાજીએ રાજ સ્થાપ્યું અને
ગોબ્રાહ્મણનું પાલન કર્યું.

નિવૃત્તિ, જ્ઞાનદેવ,
સોપાન, મુક્તાબાઈ,
એકનાથ, નામદેવ,
તુકારામ, તુકારામ!

કાજી કહ્યું હુમલો

હૈ' સારે ગાંવકી ફિકર.

રાજા હું રે પનોતી,

મારે નાકે નિર્મળ મોતી.

આમ કટકે, જામ કટકે,

જામ ચડ્યા ઘોડે;

સોનાની પાઈ દોડે.

પોપટ આંબાની ડાળ

પોપટ સરોવરની પાળ.

પોપટ ટોકા કરે!

રામ લક્ષ્મણ જાનકી,

જે બોલો હનુમાનકી.

વડની ડાળે બેઠો બેઠો હું કાળી
કોયલ સાંભળું છું.

નદીકાંઠે બેઠાં બેઠાં ભરવાડે મીઠી
બંસી છેડી.

ઝાડે ચડી રામાએ નજર નાખી કે
આટલામાં કયાંઈ પાણી છે?

પાંચ પારેવાં ઘૂમતાં, પારેવાં હચો.

લીલુડા પાનનો આંબલો,
એની ડાળખી નમી નમી જાય;
ડાળે ને ડાળે સૂડા ભણે.

મગ મગ જેવડા મોગરા રે;
ફૂલવાડીના મોગરા રે!

જમીને હું મારી બાએ ટાંગેલા
રૂમાલથી હાથ લૂછું છું.

બાપાએ નાખેલી ખીંટી ઉપર જ
અમે કપડાં મકીએ છીએ.

અમારા ઘરમાં જોડા સાફ કરીને
ગોઠવીને મૂકવાનો રિવાજ છે,

જો ભાઈ! આ પ્યાલો પાણી પીવા
માટે છે, ને આ ટબૂડી પાણી
કાઢવા માટે છે.

હયો, તમે તો બબ્બે વાર હાથ
ધુઓ છો; જમવા બેસતી વખતે
ને જમીને ઊઠતી વખતે!

દૂધના દૂધમાં ને પાણીના પાણીમાં.

હિંમતે મરદા તો મદદે ખુદા.

અશાડે ઝીણી ઝબૂકે વીજળી,

મધુરા શા મોર બોલે રે લોલ.

રે મોહન મોરલી વગાડી

કોઈ તાનમાં રે.

ગણપતિજી કહે છે,

મારે જનોઈનો જોટો;

હનુમાનજી કહે છે,

મારે વજ્રકછોટો.

મેરે તો ગિરિધર ગોપાલ,

દૂસરા ન કોઈ.

વિક્રમ રાજા રાજ ચલાવવામાં
તેમ જ લડવામાં કુશળ હતા.

માના આશીર્વાદ લઈ શંકરા-
ચાર્ય ભગવાં પહેરી ચાલી
નીકળ્યા.

ધનુર્ધારી અર્જુને એકમન કરી
મત્સ્યવેધ કર્યો.

શંકરને પામવા સારું ઉમાએ
ઘોર તપ આદર્યું.

હારીને શરણે આવેલા દુશ્મન
ઉપર તો કાયર હોય તે જ
હાથ ઉગામે.

શું બાઈની આંગળીઓ,

જાણે ચોળા-મગની શિંગો !

છે ને કાંઈ બાઈનો ફાંદો,

જાણે પૂનમનો ચાંદો !

જુઓ તો બાઈ એના નાકની દાંડી,

જાણે દીવડિયે શગ માંડી !

જોઈ લ્યો એના વાંસાનો વળાકો,

જાણે સરપનો સળાકો !

ઘડી છે ને કાંઈ દીનાનાથે કે

ઘડીઘડીને હાથ ધોઈ નાખ્યા !

આ જાય પેલી હંસા, ધીમે ધીમે

જાણે હાથણી ચાલી.

ભીમડો ભાથી એવો બળૂકો કે
જાણે બીજો ભીમ !

રામસિંહ પરમારની પ્રતિજ્ઞા એવી
કે જાણે ભીષ્મપ્રતિજ્ઞા !

શવજી કારીગર એવો કે જાણે
બીજો વિશ્વકર્મા !

ચંપકનું ગાન તો એવું કે જાણે
બીજો તાનસેન !

રૂપસુંદરીના એવાં રૂપ કે જાણે
ઇંદ્રના ઘરની અપ્સરા !

હાજીની ઘોડી તે કાંઈ એવી કે
જાણે ઊડણપાવડી !

દ્વા તે કાંઈ કડવી,
  કડવી કડવી ઝેર જેવી !
દાળ તે કાંઈ તીખી,
  તીખી તીખી ભડકા !
  કોયલ તે કાંઈ કાળી,
  કાળી કાળી મેશ જેવી !
શી મજાની ચાંદની છે !
  ધોળી ધોળી દૂધ જેવી,
કેવાં ધોળાં ધોળાં કપડાં છે !
  રૂપાળાં બગલાની પાંખ જેવાં.
શારુના પગનાં તળિયાં કાંઈ છે;
  ગુલાબી ગુલાબી ગુલાબ જેવાં !

રામે સીતા અને લક્ષ્મણ સાથે
પંચવટીમાં નિવાસ કર્યો.

ભગવાન શ્રીકૃષ્ણની પરમ દાસી
કુબ્જા હતી.

હરિશ્ચંદ્રનું સત છોડાવવા માટે
ઋષિ વિશ્વામિત્રે ઘણા ઘણા
પ્રયત્નો કર્યા.

સાવિત્રીએ ત્રણ દિવસ ઉપવાસ
કર્યા ને ચોથે દિવસે તે સત્ય-
વાન સાથે જંગલમાં ગઈ.

અઘોર જંગલમાં એકાંત સ્થળે
બાળક ધ્રુવ તપશ્ચર્યા કરે છે.

શ્રીમદ્ ભાગવત વષ્ણવોનો મહાન ગ્રંથ છે.

મુસલમાનોનો પવિત્રગ્રંથ કુરાને શરીફ છે.

ખ્રિસ્તીઓનો પવિત્ર ગ્રંથ તે બાઈબલ છે.

ચૈતન્ય બંગાળામાં થઈ ગયા.

જ્ઞાનદેવ મહારાષ્ટ્રમાં થયા.

સમર્થ ગુરુ રામદાસ પણ મહારાષ્ટ્રના જ.

મહાત્મા ગાંધીજી કાઠિયાવાડના પોરબંદરના હતા.

વહેલા સવારમાં તપોવનના ઋષિ-
કુમારો વનમાં ફળફૂલ વીણવા
ગયા.

મા વિનાનું હરણનું બચ્ચું શકુન્ત-
લાની સોનેરી સાડીનો પાલવ
પકડી વન તરફ ખેંચે છે.

કુંજવનની મલ્લિકા અને માધવી
પોતાનાં કૂણાં પાન હલાવીને
શકુન્તલાને પાછી બોલાવે છે.

વનના દેવોને પ્રણામ કરી, તાત
કણ્વને નમન કરી, શકુન્તલા
રાજનગર તરફ ચાલી.

વિદ્યાદાયી સરસ્વતી માતાને હું
 પ્રણામ કરું છું.
પ્રાણદાતા સૂર્ય ભગવાનને અર્ઘ્ય
 આપું છું.
શુદ્ધિકર્તા અગ્નિદેવને નમું છું.
જલનિધિ સમુદ્રદેવને પૂજું છું.
જીવનદાયી ગાયમાતાને નમસ્કાર
 કરું છું.
પ્રેમસાગર મારી માતાને ચરણે
 પડું છું.
આપણી માતા ભારતમાતાને હું
 દંડવત કરું છું.

સર્પદમને સિંહના બચ્ચાને કહ્યું :
"મોં ફાડ, મોં ફાડ! મારે તારા
દાંત ગણવા છે."

સોનાની સાંજે સોનાનો રથ રાજાને
રાજમાં લઈ ગયો.

અંધારી ઓરડીમાં બેઠેલો કેદી
વિચાર કરે છે: "જીવ જાય
તોપણ માથું નથી જ નમાવવું."

એ ભીષણ કાળી રાતે માંદાના
ખાટલા પાસે બેઠી બેઠી એક
માતા કહે છે: "હે ભગવાન!
મારું બાળ જીવશે?"

વિજયાબહેન! શાકનો કચરો પેલા
ટોપલામાં જ નાખીએ. કેમકે
આમ ફળિયામાં નાખીએ તો
તે સડે ને ગંધાય; અને આંગણું
ખરાબ લાગે એ વળી વધારે.

મોંઘીબહેને ઉંદર પકડવા રાત આખી
મહેનત કરી ત્યારે સવાર પડતાં
ઉંદરિયામાં એક નાની એવી
ઉંદરડી મળી; પણ રતુએ એની
ભૂલથી દોરી ખેંચી ને જાળી
ઊઘડતાં ઉંદરડીબાઈ નાસી ગયાં!

રોગથી પિડાતા એક માણસને
જોઈને કુમાર સિદ્ધાર્થનું હૃદય
ખૂબ દુભાયું.

એક સો આઠ વખત કોઈ યવન
એકનાથ મહારાજ પર થૂંક્યો
તોપણ તેઓ શાંતિ રાખી ફરી
ફરીને નાહી આવ્યા.

બારણે સાક્ષાત્ શ્રીકૃષ્ણ ભગવાન
આવી ઊભા રહ્યા ત્યારે પણ
ભક્ત પુંડલીકે માતાપિતાની
સેવામાં હોવાથી ભગવાનને
ઊભા રહેવાને માત્ર એક ઈંટ
આપી સત્કાર કર્યો.

માણસો કહે: "આ વરસાદ તે કેવો ગાંડો છે કે જ્યારે જોઈએ છીએ ત્યારે આવતો નથી, ને નથી જોઈતો ત્યારે પડ્યા જ કરે છે!"

વરસાદ કહે છે: "આ ભલા માણસો તે કેવા ગાંડા છે કે હું જ્યારે નથી આવતો ત્યારે કહે છે આવ આવ; ને જ્યારે હું આવું છું ત્યારે કહે છે કે હવે તો જાય તો સારું, હવે તો જાય તો સારું!"

લક્ષ્મીચંદે બંધ કરેલ બારીડી ફરી
વાર ઉઘાડી ને જુએ છે ત્યાં તો
દીવો બળતો રહી ગયેલો અને
પૈસાની પેટી વાસેલી જ નહિ!
જો કે હું રહું છું તો શહેરમાં તો પણ
કોઈ કોઈ વાર તો મને એમ
જ થઈ જાય છે કે આ ધાંધલ
ને ધમાલ, અને આ દોડાદોડ
ને ધમાધમીમાંથી ભાગીને કોઈ
શાંત એકાંત પહાડના કોઈ ઊંચા
શિખર ઉપર ચડીને બેસું.

કઠિયારાને મેં ઘણું ઘણું કહ્યું કે ભાઈ! આ જંગલ ભયંકર છે, ત્યાં મોટા મોટા સિંહ ને વાઘ રહે છે, એક જંગલી હાથી તો મહાક્રુર છે, ને ઝેરી સર્પ તો સંખ્યાબંધ છે; ત્યાં જવામાં સાર નથી. પણ તે તો માન્યા વગર કુહાડી લઈને લાકડાં કાપવા એજ જંગલમાં ગયો ને ફડાફડ લાકડાં તોડવા લાગ્યો; પણ ત્યાં તો પાંચ હાથ લાંબો ને કાંડા જેવો જાડો સાપ તેને કરડ્યો ને તે મરી ગયો.

# શ્રી દક્ષિણામૂર્તિ બાલસાહિત્યમાળા

## ૮૦ પુસ્તકો

### સંપાદકો : ગિજુભાઈ અને તારાબેન

( વિગતવાર સૂચિપત્ર મગાવો )

*

૧ ગણપતિ બાપા
૨ ચેલૈયો
૩ ઊભું હતું, ઊભું હતું
૪ હજામડી
૫ કબાટ
૬ બાળકોનો બીરબલ-૧
૭ ગોપીચંદ
૮ બાળનાટકો -૧
૯ હંસ અને હંસા
૧૦ તીરંદાજ
૧૧ ગામડામાં મળજો
૧૨ બાળપ્રવાસો
૧૩ મારા ગોઠિયા
૧૪ જરા હસો
૧૫ ક્યાંથી આવ્યાં
૧૬ મકનો અને રાક્ષસ
૧૭ રૂપસિંહ ને રામસિંહ
૧૮ ટપાલની પેટી
૧૯ ગધેડું
૨૦ ચીડિયાખાનું
૨૧ મહાસભાઓ
૨૨ કહેવતોનાં મૂળ
૨૩ ગપગોળા
૨૪ આફ્રિકા સાંભર્યું
૨૫ શબ્દપોથી
૨૬ વાક્યપોથી
૨૭ ચિઠ્ઠીપોથી
૨૮ નાના પાઠો
૨૯ મોટા પાઠો
૩૦ નાની વાતો
૩૧ ઘરમાં
૩૨ આંગણામાં
૩૩ શેરીમાં
૩૪ બાળશાળામાં
૩૫ ગામમાં
૩૬ ફરવા જઈએ

શ્રી દક્ષિણામૂર્તિ બાલસાહિત્યમાળા : એકંદર ૮૦ પુસ્તકો

૩૭ જુગતરામના પાઠો
૩૮ ભોં ભોં ભોં
૩૯ ગધેડું ને ઘોડું
૪૦ દાદા દર્શને
૪૧ બાળનાટકો–૨
૪૨ સવારથી માંડીને
૪૩ કુદરતમાં
૪૪ મોતિયો
૪૫ રામજીભાઈ પડી ગયા
૪૬ મંગેશનો પોપટ
૪૭ ધોબીડો ધુએ છે
૪૮ પીરૂ અને—
૪૯ છાણાં થાપી આવ્યાં
૫૦ મામાની જાવ્ય
૫૧ વાડામાં
૫૨ રોજનીશી
૫૩ બાળકોનો બીરબલ–૨
૫૪ છોટાં રે'જો માબાપ
૫૫ મારી ગાય
૫૬ કમળાબેનના પાઠો
૫૭ ગિરિશિખરો
૫૮ કાળા હાથ,કાળી દાઢી
૫૯ ખળાવાડ
૬૦ પૂછું ?
૬૧ ઓતરાદી દીવાલો–૧
૬૨ ઓતરાદી દીવાલો–૨
૬૩ બુદ્ધચરિત્ર
૬૪ ગુજરાત–મહારાષ્ટ્ર
૬૫ જોડકણાં
૬૬ કહેવત સંગ્રહ
૬૭ હરિશ્ચંદ્ર
૬૮ એમ કેમ
૬૯ સાજા રહીએ
૭૦ વ્યાકરણપોથી
૭૧ વરતસંગ્રહ
૭૨ રમતજોડકણા
૭૩ શિવાજી મહારાજ
૭૪ દુહા અને સોરઠા
૭૫ વિનોદ ટૂચકા
૭૬ બાળકોના લેખો
૭૭ આપણે પોતે
૭૮ કાવ્યસંગ્રહ
૭૯ છેલ્લો પાઠ
૮૦ સંપાદકોનું કથન

# ઉત્તમ બાલ-કિશોર સાહિત્ય

## સ્વ. ગિજુભાઈ સંપાદિત : દક્ષિણામૂર્તિ બાલસાહિત્ય

બાળવાર્તાઓ ૧ થી ૫ ... ... સેટના ... ૧૦-૨૫
બાળલોકગીત સંગ્રહ ૧-૨ ... ... ,, ... ૨-૦૦
બાલસાહિત્ય માળા (૮૦ પુસ્તકો) ... ,, ... ૪૦-૦૦
બાલસાહિત્ય ગુચ્છ (૨૫ પુસ્તકો) ... ,, ... ૧૪-૦૦
બાલસાહિત્ય વાટિકા-૧ (૩૨ પુસ્તકો) ,, ... ૪૨-૫૦
બાલસાહિત્ય વાટિકા-૨ (૧૬ પુસ્તકો) ,, ... ૨૩-૫૦

કિશોર કથાઓ ૧-૨ ૪-૦૦ | ધર્માત્માઓનાં ચરિત્રો ૨-૫૦
રખડુ ટોળી ... ૪-૫૦ | ભગવાન બુદ્ધ ... (છપાશે)

## શ્રી નાનાભાઈ ભટ્ટ કૃત

મહાભારતનાં પાત્રો (૧૩ પુસ્તકો) ... સેટના ... ૨૦-૫૦
રામાયણનાં પાત્રો (૬ પુસ્તકો) ... ,, ... ૧૨-૦૦
હિંદુધર્મની આખ્યાયિકાઓ ખંડ ૧-૨ ,, ... ૫-૫૦
શ્રીમદ્ લોકભાગવત ૭-૫૦ | ભાગવતકથાઓ ૩-૫૦

## શ્રી મૂળશંકર મો. ભટ્ટ કૃત

સાગરસમ્રાટ ... ૩-૫૦ | પાતાળપ્રવેશ ... ૨-૫૦
સાહસિકોની સૃષ્ટિ ૬-૦૦ | ખજાનાની શોધમાં ૨-૫૦

## પાંચ વિશિષ્ઠ ગ્રંથાવલિઓ

નગર ગ્રંથાવલિ...લે૦ ધીરજલાલ ગજ્જર ... સેટના ૮-૦૦
જ્ઞાન-વિજ્ઞાન ગ્રંથાવલિ...લે૦ ગિરીશ ગણાત્રા ,, ૭-૫૦
કમલ કિતાબ (સચિત્ર ૧૦ પુસ્તકો) ... ,, ૭-૫૦
ટારઝન ૧ થી ૧૦...લે૦ શંકર શાહ ... ,, ૧૪-૫૦
સાહસકથાઓ (૨૫ પુસ્તકો) ... ... ,, ૭૦-૦૦

**આર. આર. શેઠની કંપની : મુંબઈ-૨ અમદાવાદ-૧**


કવર શ્રી પ્રવીણ પ્રિન્ટરી, સોનગઢ